# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-06-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- ❖ ગાંધીનગરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પોલીયો અભિયાનનો પ્રારંભ કરાવશે.. બાળકોને બે ટીંપા પોલીયોની રસીના પિવડાવીને અભિયાનનો આરંભ કરાવશે
- ❖ રાજકોટ ગેમઝોન અગ્નિકાંડમાં વધુ ત્રણ અધિકારીઓની ધરપકડ.. અત્યાર સુધીમાં અગ્નિકાંડમાં પંદર આરોપીઓની ધરપકડ
- ❖ રાજ્યભરમાં યોજાયેલી લોકઅદાલતમાં બે લાખ પચાસ હજાર કરતાં વધુ કેસોનો નિકાલ કરાયો..પક્ષકારોને વળતર ચૂકવણીની કામગીરી પણ કરવામાં આવી
- ❖ રાજ્યમાં ગત મોડી રાત્રે અમરેલી, પંચમહાલ અને તાપી સહિતના વિસ્તારોમાં તોફાની વરસાદ.... છેલ્લા ચોવિસ કલાકમાં 20 તાલુકાઓમાં પણ વરસાદ નોંધાયો
- ❖ ગીર સોમનાથના તલાલા તાલુકાના 16 ગામોની ગામતળ જમીનનો સુખદ ઉકેલ આવ્યો... પ્રાથમિક શાળા, આઁગણવાડી અને આરોગ્યકેન્દ્રની સુવિધાઓમાં વધારો થશે..

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# POLIO DIVAS

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે પોલીયો દિવસ નિમિત્તે બાળકોને રસી પીવડાવીને પોલીયો અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સવારે સાડા આઠ વાગે ગાંધીનગરના કોમ્યુનિટી હોલ ખાતેથી આ અભિયાનનો પ્રારંભ કરાવશે.

મુખ્યમંત્રી દ્વારા આ અભિયાનનો આરંભ કરાવ્યા બાદ અન્ય શહેરો અને ગ્રામ્ય સ્તરે આ અભિયાન શરૂ થશે.

-----------------------------------------------------------------------

-રીપીટ

# RAJKOT ARREST

રાજકોટના ગેમઝોન અગ્નિકાંડમાં વધુ ત્રણની ધરપકડ કરવામાં આવી છે.. રાજકોટના ચીફ ફાયર ઓફિસર ઇલેશ ખેર ડેપ્યુટી ફાયર ઓફિસર અને વેલ્ડીંગ સુપરવાઇઝર મહેશ રાઠોડની ધરપકડ કરવામાં આવી છે..આ ધરપકડ સાથેજ

અગ્નિકાંડમાં અત્યાર સુધીમાં 15 આરોપીઓની ધરપકડ થઇ છે.. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉચ્ચ અધિકારીઓના નામ પણ બહાર આવ્યા છે અને જે અંતર્ગત ધકપકડનો દોર શરૂ થયો છે.. હજુ પણ અનેક અધિકારીઓની ધરપકડ થાય તેવી શક્યતા છે...

એસઆઇટીએ પોતાનો તપાસ અહેવાલ સરકારને સોંપ્યા બાદ આ ધરપકડનો દોર શરૂ કરવામાં આવ્યો છે. તપાસ દળે પોતાના અહેવાલમાં અધિકારીઓની બેદરકારી હોવાનો પણ રિપોર્ટમાં ખુલાસો કર્યો હતો.

---

- પીટીસી—રાજકોટ --- હર્ષલ પંડ્યા -(નવીન)

# SURAT RAJPYAL

સુરત ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં એસ.આર.કે. ફાઉન્ડેશન આયોજિત ‘ગીતા સાંન્નિધ્ય’ વ્યાખ્યાન શ્રેણીનો સમાપન સમારોહ યોજાયો હતો.. શ્રીમદ્ ભગવદ્ ગીતા એ કોઈ ધર્મ વિશેષ, સંપ્રદાય વિશેષ કે પછી દર્શન વિશેષનો ગ્રંથ નથી પણ વૈશ્વિક સ્વીકૃત્તિ પામેલો વિશ્વ ગ્રંથ હોવાનો મત રાજ્યપાલે વ્યક્ત કર્યો હતો..

ભારતીય સંસ્કૃતિ અને તેની સમૃદ્ધ ચિંતન પરંપરાએ માત્ર ભારતને જ નહીં સમસ્ત વિશ્વને "જીવન-દર્શન'ની સમજ આપી હોવાનો પણ રાજ્યપાલે આ સમાપન પ્રસગે ઉલ્લેખ કર્યો હતો.

રાજ્ય સરકારે ગીતા જ્ઞાનથી વિદ્યાર્થીઓ સંસ્કારી બને એવા આશયથી શાળાઓમાં ધો.૬ થી ૧૨માં શ્રીમદ્ ભગવદ્ ગીતાના પાઠ અભ્યાસક્રમમાં સમાવ્યા હોવાનું  શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું..

------------------------------------------------------------------

- પીટીસી—સુરત હર્ષલ પંડ્યા

-(નવીન)

# NATIONAL LOK ADALAT

રાજ્યભરમાં ગઇકાલે યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં બે લાખ 51 હજારથી વધુ કેસોનું સમાધાન કરવામાં આવ્યું.

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ તથા રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાય મૂર્તિ સુનિતા અગ્રવાલના માર્ગદર્શન હેઠળ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં લોક અદાલતો યોજાઈ હતી.

આ લોક અદાલતોમાં પેન્ડીંગ મોટર અકસ્માતના વળતરને લગતા કેસો, દિવાની દાવાઓ, ચેક પરતના કેસો, ઔદ્યોગિક તકરારો સહિતના 4 લાખ 37 હજારથી વધુ કેસો સમાધાન માટે મૂકવામાં આવ્યા હતા. જે પૈકી બે લાખ 51 હજારથી વધુ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે. ઉપરાંત રાજ્યના કુલ 3 લાખ 23 હજારથી વધુ પ્રિ-લીટીગેશનના કેસોમાં પણ લોક અદાલત થકી સમાધાન કરવામાં આવ્યું છે.

ઇ-ચલણના બે લાખ 85 હજારથી વધુ કેસોનો નિકાલ થતા 15 કરોડથી વધુની રકમ વસુલ કરી શકાશે. સૌથી વધુ કેસોનો સુરતમાં નિકાલ કરવામાં આવ્યો છે.

ગાંધીનગર જીલ્લા અદાલત ખાતે મોટર અકસ્માત દાવાના કેસનો મૈત્રીપૂર્ણ સમાધાન કરવામાં આવ્યું છે.

અમારા પંચમહાલ જીલ્લાના પ્રતિનિધી જણાવે છે કે, જીલ્લામાં યોજાયેલી લોક અદાલતમાં તમામ કેટેગરીના મળીને 21 હજાર 314 કેસો પૈકી 5 હજાર 727 કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે.

---

-પીટીસી, પંચમહાલ, યાદી, કરણ -(નવીન)

# STATE RAIN

રાજ્યના અનેક વિસ્તારોમાંથી વરસાદ વરસવાના અહેવાલ સાંપડી રહ્યાં છે.... પંચમહાલ ના હાલોલમાં ગત મોડી રાત્રે વિજળી ના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો.. મેઘરાજાની તોફાની પધરામણી થતા માર્ગો ઉપર પાણી પાણી થઇ ગયાં હતા જ્યારે વિજળી પણ ગુલ થઇ જતાં અંધાર પટ છવાયો હતો. સિઝનનો પ્રથમ વરસાદ વરસતા ભૂલકાઓ એ ન્હાવા નો આનંદ માણ્યો. બીજી તરફ આખા દિવસ ના અસહ્ય ઉકળાટ વચ્ચે કાલોલ, ગોધરા શહેરમાં પણ મોડી રાતે ઝરમર ઝરમર અમી છાંટણા થતા વાતાવરણમાં ભીની માટી ની સુગંધ સાથે ઠંડક પ્રસરી હતી

આ ઉપરાંત તાપી જીલ્લામાં પણ ગત મોડી રાત્રે તોફાની વરસાદ વરસતાં માર્ગો ઉપર પાણી પાણી થઇ ગયા હતા.. વરસાદને કારણે લોકોને ઉકળાટમાંથી રાહત થઇ ગઇ હતી..

જ્યારે રાજ્ય સરકારના સ્ટેટ ઇમરજન્સી રિસ્પોન્સ સેન્ટર દ્વારા જાહેર થયેલા ગઇકાલ સવારના છથી રાત્રીના આઠ વાગ્યા સુધીની આંકડા અનુસાર રાજ્યમાં 20 તાલુકાઓમાં મધ્યમથી હળવો વરસાદ નોંધાયો હતો..જેમાં સૌથી વધુ વાપીમાં 46, વલસાડમાં 36 અને ઉમરગામમાં 25 મિલીમિટર વરસાદ વરસ્યો હતો.

હવામાન વિભાગે આજે પણ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક જીલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદ વરસવાની આગાહી કરી છે...

અમરેલી જીલ્લામાં વહેલી સવારથી વરસાદી ઝાપટાં પડયા હોવાના અહેવાલ છે, રાજુલા, ખાંભા અને ધારીમાં વરસાદ વરસી રહ્યો છે.

---

- પીટીસી--- પંચમહાલ, તાપી... અમરેલી, અખબારી યાદી હવામાન વિભાગ -(નવીન)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

# gir somnath gamtal jamin

ગીર સોમનાથ જિલ્લામાં કલેકટરની ઉપસ્થિતિમાં લાંબા સમયથી ગામતળ વધારા અંગેના પડતર પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

અમારા ગીર સોમનાથ જિલ્લાના પ્રતિનિધિ તાલાલા તાલુકાના જુદા-જુદા ૧૬ ગામોની જંગલ વિસ્તારની જમીનમાંથી ગામતળ વધારવા જંગલ ખાતા હસ્તકની જમીન મુક્ત કરવા અંગેનો પ્રશ્ન લાંબા સમયથી પડતર હતો.

આ પ્રશ્નનું નિવારણ થતાં હવે આગામી ૩ દિવસમાં તમામ ગામોમાં ગામતળની જમીનનો કબ્જો સંભાળી, જમીનોની વિગતવાર માપણી કરવામાં આવશે. આનાથી પ્રાથમિક શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્રો, કોમ્યુનિટી હોલ વગેરેની વધુ સારી સુવિધાઓ ઉપલબ્ધ થશે.

---------------------------------------------------------------------

-પીટીસી, ગીર-સોમનાથ, કરણ -(નવીન)

# AMBAJI SAVYAM SEVAK SEVA

શક્તિપીઠ અંબાજી ખાતે ગઈકાલથી સ્વયં સેવક તરીકેની સેવા પૂરી પાડવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ઉઝાના એક સંધના સ્વયં સેવકો એ ગઈકાલે જેઠ સુદ પૂનમે ભોજન, પીવાના પાણી, લગેજ- પગરખા કેન્દ્ર, પાર્કિંગ, વિના મુલ્યે છાશ વિતરણ કેન્દ્ર ખાતે સેવાઓ પૂરી પાડી હતી.

યાત્રાધામ અંબાજીમાં ખુબ મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ દર્શન કરવા આવતા હોય છે ત્યારે આ સેવાઓ થકી સમાજના તમામ વર્ગો અને સમુદાયો સમભાવ કેળવી ધાર્મિક પરંપરાઓને વધુ સુદઢ કરી શ્રેષ્ઠ સંચાલન કરી શકે છે.

હાલમાં પ્રાયોગિક ધોરણે દર પૂનમ અને રવિવારના દિવસોએ આ મુજબની સેવાઓની શરૂઆત કરવામાં આવી છે. સ્વયં સેવક તરીકે વ્યક્તિગત તેમજ ગ્રુપની નોધણી માટે ઈચ્છુક મંદિર ઇન્સ્પેકટર કાર્યાલયનો સંપર્ક કરી શકે છે.

-----------------------------------------------------------------

- અપર્ણા કરણ -(નવીન)

# train extension and cancelation

પશ્ચિમ રેલ્વેએ સાબરમતી-હરિદ્વાર ઉનાળુ વિશેષ ટ્રેનના ફેરાને વિસ્તારવાનો નિર્ણય લીધો છે. જે અંતર્ગત સાબરમતી-હરિદ્વાર વિશેષ ટ્રેન સાબરમતીથી આવતીકાલ થી 29 જુલાઈ દરમિયાન દર સોમવાર અને શુક્રવારે 6વાગીને45 મિનિટે ઉપડશે અને બીજા દિવસે 7 કલાકે હરિદ્વાર પહોંચશે.તેવી જ રીતે હરિદ્વાર-સાબરમતી વિશેષ ટ્રેન હરિદ્વારથી 25 જૂનથી 30 જુલાઈ દર મંગળવાર અને શનિવારે ઉપડશે.

આ ટ્રેનમાં 12 કોચ સ્લીપર ક્લાસ અને 2 કોચ જનરલ ક્લાસના હશે. બીજી તરફ રાજકોટ ડિવિઝનમાં આવેલા રાજકોટ-ખંડેરી-પડધરી સેક્શનમાં ડબલ ટ્રેકના કામ કારણે 30 જૂન, 2024 સુધી રેલ વ્યવહાર ને અસર થશે.

વેરાવળ-ગાંધીનગર કેપિટલ ઇન્ટરસિટી ટ્રેન આવતીકાલથી આગામી ૨૯ મી જૂન સુધી જ્યારે ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઇન્ટરસિટી ૨૫ થી ૩૦ જૂન સુધી તથા રાજકોટ-પોરબંદર એક્સપ્રેસ અને પોરબંદર-રાજકોટ એક્સપ્રેસ ટ્રેન ૩૦મી જૂન સુધી રદ્દ કરવામાં આવી છે.

આ સિવાય કેટલીક ટ્રેનોને આંશિક રીતે રદ કરાઈ છે તો કેટલીક ટ્રેનોને તેના નિર્ધારિત સમયથી મોડી ચલાવશે. મુસાફરો આ અંગેની વિગતવાર માહિતી માટે રેલવેની વેબસાઇટ પરથી જોઈ શકશે.

---------------------------------------------------------------------

- અપર્ણા ખૂંટ પીટીસી રાજકોટ કરણ

-(નવીન)

# Science Center of Patan

પાટણના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે આજે વિશ્વ વરસાદી વન દિવસ નિમિત્તે જાગૃતિ કાર્યક્રમ યોજાઈ ગયો.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે આ કાર્યક્રમમાં ઇસરો સ્ટાર્ટ પ્રોગ્રામના પ્રમાણપત્રનું વિતરણ કરાયું હતું જેમાં 100થી વધુ સહભાગીઓએ ભાગ લીધો હતો.

નિષ્ણાતો દ્વારા વરસાદી જંગલોના મહત્વ, તેમના સંરક્ષણ અને ટકાઉ વ્યવસ્થાપન, આબોહવા પરિવર્તન, ભારતના વિવિધ વરસાદી જંગલો વિશે સહભાગીઓને જાણકારી આપવામાં આવી હતી.

વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે વિજ્ઞાન કેન્દ્ર તરફથી વર્ષ 2023માં નોબેલ પુરસ્કાર જીતેલા વૈજ્ઞાનિકો અને તેમના સંશોધન પર ગુજકોસ્ટ ગાંધીનગર દ્વારા બનાવેલ પુસ્તકો અને વૈજ્ઞાનિક કેલેન્ડર એનાયત કરવામાં આવ્યા હતા.

-----------------------------------------------------------------------

-પીટીસી, પાટણ, કરણ -(નવીન)

# DIU DARIYAMA YUVAK DUBYO

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે શનિવારે સાંજે દીવના બંદર જેટી પર એક યુવક  દરિયામાં ડૂબ્યો હતો..

યુવક દરિયામાં ડૂબતા જ તાત્કાલિક જેટી પર રહેલ જુનાગઢનો પર્યટક સંદિપ સોલંકીએ  દરિયા માં કૂદી અને તેને બચાવવા ના પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતા જ થતાં ફાયર બ્રિગેડ તથા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને દરિયામાંથી યુવકને શોધવાની કામગીરી હાથ ધરી હતી..

-----------------------------------------------------------------------

- પીટીસી- દમણ હર્ષલ પંડ્યા -(નવીન)